# વિરાટ રામાયણ મંદિરમાં વિશ્વના સૌથી ઊંચા શિવલિંગની સ્થાપના, મુસ્લિમ પરિવારોએ દાનમાં આપી હતી જમીન

Updated: Jan 17th, 2026

GS TEAM



Article

AI-generated audio.

**World's Tallest Shivling in Bihar News** : બિહારના પૂર્વી ચંપારણ જિલ્લાના કૈથવલિયામાં સ્થિત વિરાટ રામાયણ મંદિરમાં 17 જાન્યુઆરી, 2026ના રોજ વિશ્વના સૌથી ઊંચા શિવલિંગની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત અનેક રાજકીય અને ધાર્મિક હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. આ ભવ્ય કાર્યક્રમની સૌથી ખાસ વાત એ છે કે મંદિરના નિર્માણ માટે મુસ્લિમ સમુદાયના લોકોએ પણ પોતાની જમીન દાનમાં આપી છે, જેના કારણે આ સ્થાપના સર્વધર્મ સમભાવનું પ્રતિક બની છે.

## 200 ટનનું વિરાટ શિવલિંગ, 33 ફૂટ ઊંચાઈ

વિરાટ રામાયણ મંદિરમાં સ્થાપિત કરવામાં આવેલું આ શિવલિંગ 33 ફૂટ ઊંચું અને 33 ફૂટની ગોળાઇ ધરાવે છે. તેનું વજન 200 મેટ્રિક ટન છે. આ ભવ્ય શિવલિંગનું નિર્માણ તમિલનાડુના મહાબલીપુરમમાં છેલ્લા 10 વર્ષથી મુખ્ય શિલ્પકાર લોકનાથ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું હતું.

## રાજકીય અને ધાર્મિક મહાનુભાવોની ઉપસ્થિતિ

આ પવિત્ર અવસરે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હા અને સમ્રાટ ચૌધરી સહિત અનેક મંત્રીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, દેશના ઘણા મઠ-મંદિરોમાંથી પધારેલા સાધુ-સંતો પણ આ ઐતિહાસિક સ્થાપનાના સાક્ષી બન્યા હતા.



## હિન્દુ-મુસ્લિમ એકતાનું અનોખું ઉદાહરણ

આ શિવલિંગની સ્થાપનાથી માત્ર હિન્દુઓ જ નહીં, પરંતુ મુસ્લિમ સમુદાયમાં પણ ખુશીની લહેર છે. મંદિરના નિર્માણ માટે મુસ્લિમ સમુદાયના લોકોએ પણ પોતાની જમીન દાનમાં આપી છે, જે સામાજિક સૌહાર્દ અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઐતિહાસિક મંદિર 120 એકરના વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલું હશે, જેમાં 12 શિખર અને 22 મંદિરો હશે, જેમાંથી સૌથી ઊંચું શિખર 270 ફૂટનું હશે.